## મોડાસામાં રાંધણગેસની બોટલોના

# કાળાબજાર સાથે સંકળાયેલ શખ્સની ૨૭ બોટલો સાથે એસઓજીએ ઝડપ્યો

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં રાંધણગેસનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. વાહનોમાં એલપીજી ગેસ રિફિલિંગનું ગેરકાયદેસર દુકાનો હજીરા અને કોલેજ રોડ વિસ્તારમાં ધમધમી



રહી છે. મોડાસામાં કેટલાક શખ્સો સ્કૂટર,બાઈક કે વાન જેવા વાહનોમાં ગેસ રિફિલિંગ કરવાની મોટર સાથે ઘરે-ઘરે વાહનોમાં ગેસ રિફિલિંગ કેટલાક શખ્સો કરી આપી માનવ વસ્તી સામે આફતરૂપ બની શકે છે. જીલ્લા એસઓજી પોલીસે ભાવસારવાડા વિસ્તારમાં આવેલી દુકાનમાં રાખેલા ૨૭ રાંધણ ગેસના બાટલા સાથે આરોપીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી જીલ્લા એસ.ઓ.જી. પીએસઆઈ જાડેજા અને તેમની ટીમે બાતમીના આધારે મોડાસા શહેરના ભાવસારવાડામાં આવેલી કિરીટ ચીમનલાલ ભાવસારની દુકાનમાં રેડ કરી રાંધણગેસની ઘરેલુ અને કોમર્શિયલ ગેસની બોટલ નંગ-૨૭ કીં. રૂ.૪૪૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરી કિરીટ ચીમનલાલ ભાવસારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ મોડાસા ટાઉન પોલીસને સુપ્રત કરી હતી.

# ખેડબ્રહ્મા નગરપાલિકા વોર્ડ નં.-૬ની પાઈપ લાઈન તુટી જતા લાખો લીટર પાણીનો વેડફાટ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેરના પટેલ સોસાયટી તરફથી કન્યા વિદ્યાલયથી પેટ્રોલ પંપ હાઈવેથી બજાર સુધી પાણી પહોંચી જવા પામ્યું હતું. જેથી અવર-જવર કરતા વાહનચાલકો સહિતના શહેરીજનો પરેશાન બન્યા હતા. આવી સ્થિતિ સર્જાતા વિશ્વ પર્યાવરણના દિવસે પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ ઉદભવવા પામ્યો હતો.

### કર્મચારીઓ સામે સત્તાધારી પક્ષનું કંઈ ઉપજતું નથી કે ગાંઠતા નથી ?

ખેડબ્રહ્મા નગરપાલિકાના સત્તાધારી પક્ષને સ્ટાફ સાંભળતો ન હોવાનું ચુંટાયેલા સભ્યોમાં અંદરખાને ગણગણાટ થઈ રહ્યો છે. જો આવી જ પરિસ્થિતિ બની રહી તો આગામી સમયમાં સભ્યોએ રાજીનામું આપવા મજબુર બનવું પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ ગઈ છે.



જિલ્લાનું આર્થિકક્ષેત્રે મહત્વનું શહેર ગણાતી ખેડબ્રહ્મા પાલિકા પાણી બચાવોના નારાનું મહત્વ સમજવામાં ઊણી ઉતરી રહી છે તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. શહેરમાં વહેલી સવારે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા કન્યા વિદ્યાલય હાઈસ્કૂલથી પટેલ સોસાયટીથી લઈ મોતીનગર વિસ્તાર સુધી પાણી જ પાણી થઈ જવા પામ્યો હતો. લાખો લીટરમાં વહી ગયેલુ અમૂલ્ય પાણી બજાર સુધી પહોંચી ગયું હતું.

પાણીની લાઈનમાં ભંગાણ પડ્યાની રજૂઆત શહેરીજનોએ સ્થાનિક વોર્ડ નં.૬ ના જાગૃત કોર્પોરેટરને કરી હતી. જેથી કોર્પોરેટરે પાલિકાના પાણી પુરવઠા વિભાગના કર્મચારીને ફોન કરતા તેમણે ઉપડવાની તસ્દી પણ લીધી ન હતી તેવું જણાવ્યું હતુ. આથી શહેરીજનોમાં આક્રોશ પેદા થઈ જવા પામ્યો હતો. જેની ગંભીરતાને લઈ સફાળુ જાગેલી પાલિકાએ પાણી બંધ કરી દીધું હતું. પરંતુ ત્યાં સુધીમાં લાખો લીટર પાણી વેડફાઈ જવા પામ્યું હતું.

## વડોદરામાં ચાર્જીંગ દરમિયાન ફિલ્મ જોતી વેળા કરંટથી યુવકનું મોત

અમદાવાદ,તા. ૫

વડોદરામાં મોબાઈલ ચાર્જીંગ દરમ્યાન ફિલ્મ જોતી વખતે અચાનક વીજકંરટ લાગતાં એક યુવકનું કરૂણ મોત નીપજયુ હતું. ચાર્જ કરતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા લોકો માટે વડોદરા શહેરમાં બનેલો આ બનાવ લાલબત્તી સમાન અને ચેતવણીરૂપ કિસ્સો છે.

બનાવને પગલે સ્થાનિકોમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને હવે ચાર્જીંગ દરમ્યાન મોબાઈલ જોતી વખતે કરંટ લાગે તેવી ઘટનાને લઈ સ્વાભાવિક ફફડાટ પણ પ્રસર્યો હતો. વડોદરા શહેરના પરશુરામ ભઠ્ઠા ભાથુજીનગરમાં મૂળ યુ.પી.નો વતની શિવભારતી બાબુભારતી ભારતી(ઉ.વ.૧૮) ભાડાના મકાનમાં રહેતો હતો. અને ફર્નિચરનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. મોડી સાંજે કામ પરથી આવ્યા બાદ મોબાઈલ ફોન ચાર્જમાં મૂકીને ફિલ્મ જોતો હતો. એકાએક મોબાઈલ ચાર્જરના કેબલમાં કરંટ લાગતા તે ફંગોળાઈ ગયો હતો.

# ડિગ્રી એન્જિનિયરિંગમાં ૪૦ હજાર બેઠકો હજુ ખાલી રહી

### સરકાર પ્રવેશોત્સવ કરે છે તો બીજી બાજુ એન્જિનિયરિંગ સહિતની વિદ્યા શાખામાં વિદ્યાર્થીઓ મળતા નથી : રિપોર્ટ

અમદાવાદ,તા. ૫

ગુજરાત સરકાર શિક્ષણ પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી હોવાનો દાવો કરી રહી છે. ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિકમાં શાળા પ્રવેશોત્સવની મોટાપાયે વર્ષોથી ઉજવણી કરવામાં આવે છે. આ વખતે પણ પ્રવેશોત્સવનું આયોજન કરાયું છે પરંતુ બીજી બાજુ ઉચ્ચ શિક્ષણમાં એન્જિનીયરીંગ જેવા મહત્વના કોર્સમાં વિદ્યાર્થીઓ મળવા મુશ્કેલ થઈ ગયા છે. રાજયમાં દિન પ્રતિદિન શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે ત્યારે તેનું જીવતું જાગતું ઉદાહરણ તાજેતરમાં ડિગ્રી એન્જિનીયરીંગની પ્રવેશ પ્રક્રિયામાં જોવા મળ્યું છે. ડિગ્રી એન્જીનીયરીંગ અને ફાર્મસીમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે, ત્યારે એન્જીનીયરીંગમાં ૭૨,૩૮૮ હજાર બેઠકો સામે ૩૩,૭૮૧ હજાર વિદ્યાર્થીઓએ જ રજીસ્ટ્રેશન કર્યું છે. જેને પગલે એન્જીનીયરીંગમાં પ્રવેશ પ્રક્રિયા પહેલા જ ૩૯,૬૦૭ સીટો ખાલી રહી ગઈ છે. જે ગત વર્ષ ખાલી રહેલી ૨૦ હજાર બેઠકો કરતા લગભગ બમણી છે. આમ, હવે રાજયમાં શિક્ષણના બે અલગ-અલગ ચિત્રો સામે આવી રહ્યા છે. કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૧૧ જૂને પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરીને તા.૧૧થી ૧૬ જૂન વચ્ચે મોકરાઉન્ડ શરૂ કરાશે. મોક રાઉન્ડનું પરિણામ તા.૧૯ જૂને અને ફાઈનલ રાઉન્ડ હવે તા.૧૯ જૂનથી શરૂ કરવામાં આવશે. પ્રવેશ સમિતિ દ્વારા જયારે કાર્યવાહી શરૂ કરવામાં આવી ત્યારે ડિગ્રી એન્જીનીયરીંગમાં કુલ ૬૧ હજાર બેઠકો ઉપલબ્ધ હતી. પરંતુ ઈડબલ્યુએસ લાગુ કરવામાં આવ્યા બાદ ૧૧ હજારથી વધારે બેઠકોનો વધારો થયો છે. જેના કારણે હવે એન્જીનીયરીંગની કુલ ૭૨ હજાર બેઠકો થઈ છે, જેની સામે પ્રવેશ માટે ૩૩,૭૮૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. પ્રવેશ સમિતિના સૂત્રોના મતે, રજિસ્ટ્રેશન કરાવનારા તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે જ તેવું નક્કી નથી હોતું. દર વર્ષે રજિસ્ટ્રેશનની સંખ્યાની સામે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ત્રણથી ચાર હજાર જેટલી ઓછી રહે છે. પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા ૩૯ હજાર બેઠકો ખાલી છે તે પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. આ વર્ષે ૩૯ હજાર કરતા પણ વધારે એન્જીનીયરીંગની બેઠકો ખાલી રહેવાની છે ત્યારે ગત વર્ષે ૫૫,૪૨૨ સીટોમાંથી ૩૯,૭૩૯ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી માત્ર ૩૫,૨૨૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. પરંતુ પ્રથમ મેરિટ બહાર પડતા ૩૧,૯૩૪ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જેમાં રાજ્યની ડિગ્રી એન્જીનીયરીંગની કુલ ૫૫,૪૨૨ બેઠકોમાંથી માત્ર ૩૫,૨૨૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવાની પ્રક્રિયા કરી હતી. આમ ૨૦ હજાર બેઠકો ખાલી રહી ગઈ હતી.

# સુરત મનપાના બે કાર્યપાલક ઈજનેર સહિત ૪ની ધરપકડ

સુરતના ચકચારભર્યા તક્ષશિલા અગ્નિકાંડમાં સુરત ક્રાઈમબ્રાંચે આખરે ધરપકડનો દોર આગળ ધપાવ્યો હતો અને જોરદાર સપાટો બોલાવતાં સુરત મહાનગરપાલિકા અને દક્ષિણ ગુજરાત વીજકંપની લિ.(ડીજીવીસીએલ) ઉપર મોટો કોરડો વીંઝયો હતો. સુરત પોલીસે આ કેસમાં સુરત મહાનગરપાલિકાના બે કાર્યપાલક ઈજનેર, ડીજીવીસીએલના ડેપ્યુટી ઈજનેર અને તક્ષશિલા આર્કેડના ભાગીદાર એમ કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. સુરત આગકાંડમાં સૌપ્રથમવાર સરકારી અધિકારીઓની ધરપકડ થતાં સમગ્ર સરકારી તંત્રમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. પોલીસે સુરત મહાનગરપાલિકાના બે કાર્યપાલક ઈજનેર પરાગ મુનશી અને જયેશ સોલંકીની ધરપકડ કરી હતી. તો, તેમની સાથે ડી.જી.વી.સી.એલના સરથાણા વર્તુળના નાયબ ઈજનેર દીપક નાયકની પણ ધરપકડ કરી હતી. આ સિવાય છેલ્લા કેટલાય દિવસથી નાસતા ફરતા તક્ષશિલા આર્કેડના ભાગેડૂ બિલ્ડર(ભાગીદાર) રવિન્દ્ર કહારની પણ ધરપકડ કરી લેવાઈ હતી. ઉલ્લેખનીય છે કે, તક્ષશિલા અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાંચની તપાસમાં સોમવારે પાલિકાના વધુ બે કાર્યપાલક ઈજનેર પરાગ મુનશી અને જયેશ સોલંકીને હાજર થવા માટે સમન્સ મોકલાયા હતાં. બંને કાર્યપાલક ઈજનેર હાજર થયાં હતાં અને પોલીસ સમક્ષ પોતાના નિવેદન લખાવ્યા હતાં. ખુદ પોલીસ કમિશનર સતીષ શર્માએ પોતે પણ પૂછપરછ કરી હતી.



બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮ ગાંધીનગરના દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્ત આયોજિત વિશેષ સ્નેહમિલન બાદ વૃક્ષારોપણ કરતાં હિમાચલ પ્રદેશ સિમલાના, આંતરરાષ્ટ્રિય પ્રવક્તા અને ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ટ્રુથ કોન્શિયનેસના સંસ્થાપક સહ નિર્દેશક સ્વામી ઓમકારાનંદ સરસ્વતીજી, તેમના સહયોગી યુવા શિષ્ય સ્વામી વિવેકાનંદ સરસ્વતીજી, નાયબ વન સંરક્ષક, વાઈલ્ડ એક્ષપર્ટ, નેચર એજ્યુકેશનાલીસ્ટ, ઓરેટર અને ફ્રીઆંસ રાઈટર ભ્રાતા હેમંતભાઈ સુથાર અને પૂર્વ ફોરેસ્ટ અધિકારીશ્રી દિનેશભાઈ ચાવડા, બર્કલેય બેંકના પૂર્વ મેનેજર અને ગ્લોબલ હોસ્પિટલ, માઉન્ટ આબુના ટ્રસ્ટી બી.કે રશ્મિકાંત આચાર્ય અને સંચાલિકા આદરણીય રાજયોગિની કૈલાશ દીદી જોડાયા હતા.

# ચિલોડા ખાતે બાળલગ્ન નાબુદી અંગે અવેરનેસ કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામ પંચાયતના હોલમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે બાળલગ્ન નાબુદી અને બાળલગ્નની અસરો અંગે જનજાગૃતિ કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ગુજરાતમાં બાળલગ્ન પ્રથાના દુષણને ડામવા માટે સરકારે યોજાનાર ગ્રામસભા અભિયાનમાં બાળલગ્ન પ્રથાને નેસ્તનાબુદ કરવા ખાસ એક્શન પ્લાન તૈયાર કરી પ્રથાને નાબુદ કરવા ભાર મુકવામાં આવ્યો છે. આમ ચિલોડા ખાતે યોજાયેલ ગ્રામસભામાં ગ્રામીણજનોને ગ્રામ વિકાસના કાર્યોમાં સહયોગી બની રહે સાથે જાગૃતતા કેળવી ગ્રામીણ સમાજમાંથી બાળલગ્ન પ્રથા જેવા દુષણને તિલાંજલિ આપવા



પ્રજાજનોને ચિલોડા ગ્રામ પંચાયતના સભ્ય અને પારા લીગલ વોલન્ટીયર નટુભાઈ પટેલે બાળલગ્ન પ્રથાની સ્થિતિ, અટકાવવા માટેના કાયદાકીય પ્રયાસો, બાળલગ્ન પ્રથાની અસરો વિશે પ્રેરણાદાયી પ્રવચન દ્વારા માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ શિબિરમાં ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ વસુમતીબેન પટેલ, અગ્રણી દિનેશભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ક્રિકેટના તમામ ચાહકો માટે ડિસ્કિયાવ કપ લોન્ચ કરાયો

અમદાવાદ,તા. ૫

સબસ્ક્રાઈબરોને ગુણવત્તાયુક્ત અને સહભાગી કરતી કન્ટેન્ટ પૂરી પાડવાના તેના પ્રયાસોને ચાલુ રાખતાં ડિશટીવી ઈન્ડિયા લિમિટેડે વર્લ્ડ કપ ફીવરના લાભ લેતાં ડિસ્કિયાવ કપ- વિનર બતાઓ, વિનર બન જાઓ સ્પર્ધા લોન્ચ કરી છે. આ સ્પર્ધાનું લક્ષ્ય બધા ક્રિકેટ ચાહકો સુધી પહોંચવાનું અને તેમને આકર્ષક ઈનામો જીતવાની તક આપવાનું છે. સર્વ નવા અને મોજૂદ ડિશટીવી અને ઝિંગના સબ્સ્ક્રાઈબરો આ સ્પર્ધા માટે પાત્ર છે. ડિસ્કિયાવ કપ સ્પર્ધા દરેક સહભાગીને અચૂક વરતાર આપવા માટે તેમના આગામી રિચાર્જ પર ૩૦ ટકા સુધી કેશબેક જીતાડી શકે છે. દરેક મેચમાં ટોપ ૧૦ ઝડપી વરતાર આપનારને રોજના ધોરણે ૧ મહિનાનું મફત સબ્સ્ક્રિપ્શન મળશે અને સ્પર્ધાના ટોચના ૧૦ ઝડપથી વરતારો આપનારને તેમના વર્તમાન સબ્સ્ક્રિપ્શનને આધારે ડિશટીવીનું એક વર્ષનું મફત સબ્સ્ક્રિપ્શન મળશે.

ઉપરાંત બ્રાન્ડ ગ્રાહકોને આકર્ષવા અને મહત્તમ સહભાગ કરવા માટે વિવિધ રીતો લાવી છે. ઉપભોક્તાઓ તેમના વરતારો રિમોટ પર લાલ બટન, બઝ ચેનલ, વેબ અથવા ડિશ ટીવી એપ થકી સુપરત કરીને ભાગ લઈ શકે છે. દરેક ક્રિકેટ ટીમને દરેક મેચના દિવસે મિસ્ડ કોલ નંબર એસાઈન કરાશે, જે પછી સહભાગીઓએ તેમના નોંધણીકૃત નંબર પરથી મિસ્ડ કોલ આપીને વિજેતાનો વરતાર આપવાનો રહેશે.

ઉપરાંત સહભાગીઓ મેચ શરૂ થવા પૂર્વે એકથી વધુ વાર તેમના વરતારો બદલી પણ શકે છે. જોકે સ્પર્ધા માટે છેલ્લો વરતાર જ ધ્યાનમાં લેવાશે. ડિસ્કિયાવ કપ સ્પર્ધા પર બોલતાં ડિશ ટીવી ઈન્ડિયા લિ.ના માર્કેટિંગના કોર્પોરેટ હેડ શ્રી સુખપ્રીત સિંહે જણાવ્યું હતું કે, ક્રિકેટ વર્લ્ડ કપમાં વધતી રુચિ બ્રાન્ડ માટે ગ્રાહકોને સહભાગી કરવા અને તેમને રમત માટે તેમનો ટેકો દર્શાવવા માટે અભિમુખ બનાવવા મુખ્ય પ્રેરક છે.

## આર્થિક ગણતરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે પણ ખેતી આધારિત ઉદ્યોગોનો તેમાં સમાવેશ કરાયો છે આ ઉપરાંત પશુપાલન ક્ષેત્રમાંથી થતી આવકને પણ આર્થિક ગણતરીમાં લેવામાં આવનાર છે. આ આર્થિક ગણતરીનું ભગીરથ કાર્ય ૧૨ લાખ લોકો દ્વારા સંપન્ન થવાનુ છે.

દેશના સાતમા આર્થિક સર્વેક્ષણનો ઉદ્દેશ્ય દેશની આર્થિક સ્થિતિ જાણી નવી નીતિ અને યોજના બનાવી લોકોને તેનો લાભ આપી લોકોની લાઈફ સ્ટાઈલ સુધરે તે માટે પગલાં લેવા માટેનો છે. ડિજીટલ ભારતમાં પહેલીવાર મોબાઈલ એપથી જ આ સર્વેક્ષણ કરવામાં આવનાર છે. આ એપમાં અગાઉ જે સર્વે થઈ ગયા તે તમામ મુદ્દાઓને આવરી લઈ લાઈવ જીપીએસ લોકેશન સાથે સર્વે થશે.

આ સર્વેમાં ઘરે ઘરે જઈને ફિલ્ડ પર પહોંચી સરકાર સાથે સંકળાયેલ લોકો દ્વારા થશે. ૩ મહિના સુધી આ કામગીરી ચાલશે.

## સુકારનો ખતરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યો છે. આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત છે. જયારે શહેરની હરિયાળી પણ રોનક ગુમાવી રહી છે. સેકટરોમાં સ્થિત ઉદ્યાનોની પાણીની જરૂરિયાત પુરી પાડવાનુ કામ પણ અઘરુ બન્યુ છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની હરિયાળી બરકરાર રાખવા માટે પણ સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટના આધારે પ્રતિદિન ૪ લાખ લીટર પાણીનો સપ્લાય કરવામાં આવે છે. જયારે વનતંત્ર દ્વારા પણ આગામી વરસાદી દિવસોને અનુલક્ષી રોપાઓની વાવણી માટે ખાડા ખોદી દેવાયા છે. પરંતુ આ વર્ષે ગરમીનો મિજાજ જોઈને એડવાન્સ વાવેતર કરવામાં આવ્યુ નથી. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઓછુ રહેતુ હોવાથી વરસાદના હજુ અણસાર ન હોવાનુ માનતા તંત્ર દ્વારા આ વર્ષે એડવાન્સ વાવેતર કરવાનુ ટાળ્યુ છે. બીજીતરફ હજુ વરસાદ ખેંચાય તો નગરની હરિયાળીને બરકરાર રાખવાનુ કામ મુશ્કેલ બને તેમ છે.

## ભવ્ય આયોજન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એવોર્ડ પદ્મશ્રી પંડિત ઉલ્હાસ એન. કાશલકરને અને પદ્મશ્રી શેખર સેનને વર્ષ : ૨૦૧૭-૧૮નો એવોર્ડ અર્પણ કરાશે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આગામી તારીખ ૭ જૂન ને શુક્રવારે યોજાનારા ભવ્ય સમારોહમાં એવોર્ડ વિજેતા શાસ્ત્રીય સંગીતના ગાયકો પ્રસ્તુતિ પણ કરશે. ભારતના શિરમોર ગાયકો એક મંચ પરથી શાસ્ત્રીય ગાયન પ્રસ્તુત કરતા હોય એવો ગાંધીનગર માટે આ પહેલો પ્રસંગ છે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રી ઈશ્વરસિંહ ટી. પટેલ અને સચિવ આર.સી. મીના આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ભારતના જાણીતા પાર્શ્વગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિ હિન્દી ફિલ્મોના લોકપ્રિય ગીતોની વિશેષ પ્રસ્તુતિ કરશે. એક મંચ પરથી ભારતના શ્રેષ્ઠ શાસ્ત્રીય ગાયકોને એકી સાથે સાંભળવાનો આ અમૂલ્ય અવસર છે. તમામ નાગરિકોને પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય સંગીત એવોર્ડ અર્પણ સમારોહમાં પધારવા જાહેર આમંત્રણ છે.

## એક્શન મોડમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવા પ્રાણ ફુંકવા ભારત સામે પડકાર રહેલા છે. બેરોજગારીનો દર પણ ૪૫ વર્ષની સૌથી ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો અને પ્રચંડ બહુમતી સાથે સતત બીજી વખત સત્તામાં એન્ટ્રી કરી લીધી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ પાર્ટી દ્વારા આક્રમક રીતે બેરોજગારીનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ખાસ કરીને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ બેરોજગારીને લઈને મોદી પર આકરા પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ બેરોજગારીના મુદ્દા પર જ દરેક રેલીમાં ભાજપ સરકારને મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કર્યા હતા. મોદીએ પણ આ બાબતની નોંધ લીધી હતી. પ્રથમ અવધિમાં રોજગારીને લઈને અધુરા કામ રહ્યા બાદ સત્તામાં આવતાની સાથે જ મોદીએ દેશની આર્થિક ગતિને વધારવા માટે તૈયારી કરી દીધી છે. આના ભાગરૂપે વિકાસને વેગ આપવા તથા રોજગારીને વધારવા માટે બે નવી કેબિનેટ કમિટીની રચના કરવામાં આવી છે. મુડીરોકાણ અને ગ્રોથને વધારવા માટે પણ તમામ તૈયારી કરવામાં આવી છે.અમિત શાહને બંન્ને કમિટીમાં શામેલ કરવામાં આવ્યા છે. મોદીના નેતૃત્વ હેઠળની આ બંન્ને કમિટી ખુબ જ ઝડપથી કામ કરશે અને વિકાસને વધારવાને જરૂરી સુચન કરશે. રોજગારીને ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે.

## પ્રતિબંધ હટાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સહિત દક્ષિણ એશિયાના અન્ય દેશો અને પશ્ચિમી દેશો માટે ઉડાણ ભરનાર વિમાન લાંબા રૂટ મારફતે ઉડાણ ભરી રહ્યા હતા. પહેલા લેન્ડ પોઈન્ટને રવિવારના દિવસે ખોલી દેવામાં આવ્યા બાદ વિમાન પાકિસ્તાનના રસ્તે ભારતમાં પહોંચી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પુલવામામાં ત્રાસવાદી હુમલો સીઆરપીએફના કાફલા પર કરવામાં આવ્યા બાદ ભારતે પાકિસ્તાનની અંદર ઘુસીને ત્રાસવાદી અડ્ડા પર હવાઈ હુમલા કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ માર્યા ગયા હતા. ત્યારબાદ પાકિસ્તાને વળતા પગલા રૂપે ભારતીય વિમાનો માટે તેના હવાઈ ક્ષેત્રને બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપે ભારતીય વિમાને દક્ષિણ એશિયાને અન્ય દેશો અને પશ્ચિમ દેશો માટે ઉડાણ ભરનાર વિમાનો લાંબા માર્ગ મારફતે ઉડાણ ભરી રહ્યા હતા. જેથી ભારતને નુકસાન થઈ રહ્યું હતું. હવે ભારતને પણ મોટી રાહત થશે. કારણ કે પાકિસ્તાને ઈદ મુબારકની સાથે તેના હવાઈ ક્ષેત્રને ભારતીય વિમાનો માટે ખોલી દેવાનો નિર્ણય કર્યો છે.

## વિમાન અંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓપરેશનમાં અન્ય વિમાનોને તૈનાત કર્યા છે. જેમાં સુખોઈ-૩૦, સી-૧૩૦ જે વિમાન અને એમઆઈ-૧૭ અને એએલએચ હેલિકોપ્ટરની મદદ પણ લેવામાં આવી રહી છે. લાપતા વિમાને આસામના જોરહાટથી સોમવારના દિવસે બપોરે ઉઠાણ ભરી હતી. આ વિમાન અરૂણાચલ પ્રદેશના મેચુકા તરફ જઈ રહ્યું હતું પરંતુ ૩૫ મિનિટના ગાળા બાદ જ આ વિમાનનો સંપર્ક તુટી ગયો હતો. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા અને વિંગ કમાન્ડર રત્નાકર સિંહે માહિતી આપતા કહ્યું છે કે, સેના, ભારત-તિબેટ સરહદ પોલીસ અને અન્ય સરકારી તથા નાગરિક સંસ્થાઓ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે. અલબત રત્નાકર સિંહે કહ્યું છે કે, વિમાનના સંદર્ભમાં કોઈ માહિતી મળી શકી નથી. કાટમાળ અંગે પણ કોઈ માહિતી મળી શકી નથી. જુદા જુદા વિમાનો દ્વારા શોધ કરવામાં આવી રહી છે.

## મનનાં ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

કેરી અને ટામેટાનું કચુંબર કરી એક છાપાના કટકામાં આપે ત્યારે બાળકોને મોટો ભોજનથાળ મળી ગયો હોય એવું લાગે છે. હું નાનો હતો ત્યારે એક કાકા જાતજાતની ગોળીઓ વેચવા આવતા. તેઓ કાયમ સફેદ પેંટ અને કોટ જેવું પહેરતા હતા એવું યાદ રહી ગયું છે. આવે કે તરત બાળકોને એ ચપટી ચપટી જિનતાનની ગોળીઓ વહેંચતા. પછી બાળકો ઝાલ્યા રહે ખરાં હું એ કાકા પાસેથી કાયમ ગોળીઓ લઈને ખાતો. એમની પાસેથી મેં કેટલીયે સફરમાં કેટલીયે ગોળીઓ ખાધી હશે. હવે તો કાકા ક્યાંથી હોય પણ જ્યારે જ્યારે હું ટ્રેનમાં બેસું છું ત્યારે મારી બાળનજરો એ ગોળીઓવાળા કાકાને શોધે છે.

હવે તો ટ્રેનમાં ચાઈનીઝ રમકડાવાળા પણ આવે છે. વધારામાં ટાઈમપાસ કરવા જૂના મેગેઝીન વેચવાવાળા પણ આવે છે. ભીખ માંગવાવાળા તો પહેલાંય આવતા હતા અને આજેય આવે છે.એક નાકડો છોકરો કે છોકરી '' ગરીબોકી સુનો , વો તુમ્હારી સુનેગા: તુમ એક પેસા દોગે, વો દસલાખ દેગા.'' ગાતા ગાતા નીકળે છે ક્યારેક કોઈ વળી રકાબીના કટકાથી સરસ સંગીત વગાડે છે. લોકો દસલાખ મળવાની આશાએ, મોંઘવારી વધી હોવાથી અને એક પૈસો ગુમ થઈ ગયો હોવાથી આઠ આની કે એક રૂપિયો આપે પણ છે. હવે કોઈ કોઈ તો ડબો સાફ કરી પછી પૈસા ઉઘરાવતા હોય છે.

સવારે કે સાંજે ''ચાય ગરમ ''વાળા ના આવે એવું બનતું નથી. સમગ્ર ભારતમાં રેલવેની ચા એટલે રેલવેની ચા. એની ક્વોલીટી વિશે કશુંયે કહી શકાય નહીં. આણંદના ગોટા વખણાય, વડોદરાનો ચેવડો વખણાય, ભરુચની સીંગ વખણાય પરંતુ કોઈ તમને એવું કહેવાવાળો નહીં મળે કે ફલાણા સ્ટેશની ચા ખાસ પીવા જેવી હોય છે. રેલવેની ચા તબિયતથી પીતો કોઈ માણસ હજુ મેં ભાળ્યો નથી. બસ એ ગરમ હોય છે એ જ એની સ્પેશ્યલ ક્વોલીટી. સાલું, એક જમાનામાં આપણા વડાપ્રધાન પણ આવી ફાલતું ચા વેચતા હશે ને ? જો રેલવેની ચા સુધરે તો એક મહાન ક્રાંતિ થઈ કહેવાય.

આપણી હિંદી ફિલ્મોમાં ટ્રેનના દ્રશ્યોવાળા અનેક ગીતો લખાયાં છે. તેમાં દોસ્ત ફિલ્મનું એક ગીત મને બહુ ગમે છે. બહુ લાંબુ ગીત છે. ફિલ્મમાં પ્રસંગો અનુસાર અવારનવાર વાગતું રહે છે. આખું ગીત લખીએ તો અડધા ઉપરનો લેખ તો આ ગીત જ ખાઈ જાય. ડરશો નહીં, તમને ખાલી બે લાઈન જ સંભળાવીશ.

ગાડી બુલા રહી હૈ, સીટી બજા રહી હૈ:
ચલના હી જિંદગી હૈ, ચલતી હી જા રહી હૈ.

આજે સાંજે એક ટ્રેન અમદાવાદથી જગન્નાથપુરી ઉપડશે એમાં હું ગંગાસાગરના પ્રવાસ માટે જવા તૈયાર થઈને બેઠો છું. પાછો આવીશ ત્યારે આપના માટે ચંપારણ્ય, જગન્નાથપુરી, કોણાર્ક, અને કલકતાની અનેક વાતો લઈને આવીશ. આપણી ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને હિંદી-ગુજરાતી લેખક શ્રી ગુલાબચંદ પટેલ પણ તેમાં આવવાના છે. અલવિદા.